અનુસૂચિત જનજાતિના ધોરણ ૧ થી ૮ ના
વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે ગણવેશ સહાયના
દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અનશ/૨૦૨૦૧૭/ન.બા.૬/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.4/05/18

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩/૦૪/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ અનશ/૨૦૨૦૧૭/ન.બા.૬/ગ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩/૦૪/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૫૨૦૧૨/૯૩/ન.બા.૧૯૭/ગ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૦૯/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ પીએમએસ/૨૦૦૫/૫૯૦/ગ

(૪) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૨૩/૦૪/૨૦૧૮ નો પત્ર ક્રમાંક: આવિ/શિક્ષણ/ફા.નં.૧૧૨૯/૦૧૮/વશી ૫૫૩

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધેલ (૧) પરના ઠરાવથી ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પૂરા પાડવામાં આવતા ગણવેશ માટેની સહાયના પ્રવર્તમાન દર રૂ.૩૦૦/- માં રૂ.૩૦૦/- નો વધારો કરી રૂ.૬૦૦/- ના દરે ગણવેશ સહાય ચૂકવવાની નવી બાબતને શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૪) થી કમિશનર(આ.વિ.) ની કચેરી દ્વારા પ્રસ્તુત યોજના રોકડ સહાય અંગેની હોઈ ઠરાવની શરત નં. (૧૦) માં રૂ.૬૦૦/- ની મર્યાદામાં ૩(ત્રણ) જોડી ગણવેશ માટે રોકડ સહાય આપવાની થાય તે મુજબનો સુધારો કરવા દરખાસ્ત કરેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પૂરા પાડવામાં આવતા ગણવેશ માટેની સહાયના પ્રવર્તમાન દર રૂ.૩૦૦/- માં રૂ.૩૦૦/- નો વધારો કરી રૂ.૬૦૦/- ના દરે ગણવેશ સહાય ચૂકવવાની નવી બાબતની વહીવટી

મંજુરીના ઠરાવની શરત નં. (૧૦) "આ રકમની મર્યાદામાં ૩ (ત્રણ) જોડી ગણવેશ આપવાનો રહેશે." ના સ્થાને "રૂ.૬૦૦/- ની મર્યાદામાં ૩ જોડી ગણવેશ માટે રોકડ સહાય આપવાની રહેશે." તે મુજબનો સુધારો કરવામાં આવે છે. આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૩/૦૪/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંકઃ અનશ/૨૦૨૦૧૭/ન.બા.૬/ગ ની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૧/૦૫/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એ. એ. નાગોરી)**
**સેક્શન અધિકારી**
**આદિજાતિ વિકાસ વિભાગ**
**ગુજરાત સરકાર**

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), બિરસા મુંડા ભવન, ગાંધીનગર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી, બ્લોક નં. ૯/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.